C.C.No.4516 /2025

GJPM020067432025

Presented on : 13-10-2025
Registered on : 13-10-2025
Decided on : 30-04-2026
Duration : 6 months 17 days

આંક-૧૮

---

ગોધરાના મહેરબાન બીજા એડીશનલ સિવિલ જજ અને જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફસ્ટૅ કલાસ સાહેબની કોર્ટ સમક્ષ, મુકામ :ગોધરા, જિ.પંચમહાલ.

---

:: નમુના -અ ::

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૩૦/૪/૨૦૨૬ |
| ક્રિ.કેસ નંબર | ૪૫૧૬/૨૦૨૫ |

:: ગુનાની વિગત ::

| | |
|---|---|
| ગુનાની કલમ | બી.એન.એસ.ની કલમ ૧૧૮(૨), ૧૧૭(૨), ૧૧૫(૨), ૩૫૧(૨), ૩૫૨ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબ. |
| પ્ર.માહીતી અહેવાલ સંખ્યા | ગુ.ર.નં. ૧૧૨૦૭૦૨૪૨૫૦૬૩૪/૨૫ |
| પોલીસ સ્ટેશન | ગોધરા તાલુકા પોલીસ સ્ટેશન |
| ફરીયાદ પક્ષ | શ્રી સરકાર |
| રજુઆત | વિ.એ.પી.પી. શ્રી એમ.આર.ગોસાઇ |
| આરોપી પક્ષ | બાબુભાઇ ભયલાભાઇ જાતે કોળી<br>ઉ.વ.- ૫૫,<br>રહે. ગોલ્લાવ શોટ મહુડા ફળિયું,તા. ગોધરા, જિ.પંચમહાલ. |
| રજુઆત | વિ.વકીલ શ્રી એલ.એસ.પરમાર |

## :: નમુના -બ ::

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૯/૫/૨૦૨૫ |
| પ્ર.માહિતી અહેવાલની તારીખ | ૩૦/૫/૨૦૨૫ |
| આખરી અહેવાલની તારીખ | ૧૩/૧૦/૨૦૨૫ |
| તહોમતનામાની તારીખ | ૨૩/૧/૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨/૪/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૩૦/૪/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૩૦/૪/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | - |

## :: આરોપીની વિગત ::

| આરોપી નો અનુક્રમ | આરોપીનુ નામ | ઘરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમય ગાળો ફો.કા. સંહિતાની કલમ ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | બાબુભાઇ ભયલાભાઇ જાતે કોળી | ૪/૬/૨૫ | | બી.એન.એસ.ની કલમ ૧૧૮(૨), ૧૧૭(૨), ૧૧૫(૨), ૩૫૧(૨), ૩૫૨ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબ. | નિર્દોષ | - | - |

## :: નમુના -ક ::
## ફરીયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

<u>અ. ફરીયાદ પક્ષ</u>

| <u>અનુક્રમ નં.</u> | <u>આંક</u> | <u>નામ</u> | <u>પુરાવાનો પ્રકાર</u> |
|---|---|---|---|
| ફ.સ.૧ | ૯ | સરદારભાઇ મગનભાઇ બારીયા | ફરીયાદી |
| ફ.સ.૨ | ૧૧ | બિજલભાઇ મગનભાઇ બારીયા | સાહેદ |

ब. બચાવ પક્ષ

| અનુક્રમ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| - | - | - |

ફરીયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી

અ. ફરીયાદ પક્ષ

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | ૧૦ | ફરીયાદ |
| ૨. | ૧૪ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું |
| ૩. | ૧૫,૧૬ | મુદ્દામાલ રીકવરી પંચનામું |
| ૪. | ૧૭ | મેડીકલ સર્ટીફીકેટ |

બ. બચાવ પક્ષ

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| - | - | - |

D.મટેરીયલ ઓબ્જેકટસ

| અનુક્રમ નં. | મટેરીયલ ઓબ્જેકટસ નંબર | વર્ણન |
|---|---|---|
| ૧. | ૧ | એક પ્લાસ્ટીકની ડબ્બીમાં ગુ.જગ્યાએથી લીધેલ માટીની પોપડીઓ કબજે લીધેલ તે સીલબંધ |
| ૨. | ૨ | એક પ્લાસ્ટીકની ડબ્બીમાં કંટ્રોલ માટીની પોપડીઓ કબજે લીધેલ તે સીલબંધ |
| ૩. | ૩ | એક વાંસના હાથાવાળો પાવડો |
| ૪. | ૪ | એક સફેદ ક્રીમ કલરનો બુશર્ટ |
| ૫. | ૫ | એક કાળા કથ્થાઇ કલરનો લીટીવાળો પેન્ટ |
| ૬. | ૬ | એક આછા ભુરા કલરનો લીટીવાળો આખી બાયનુ બુશર્ટ |
| ૭. | ૭ | એક સફેદ કલરનો પેન્ટ |

::- ચુકાદો ::-

(૧) આ કામે ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૨૯/૫/૨૫ કલાક ૧૮-૦૦ વાગે મોજે ગોલ્લાવ શોટ મહુડા

ફળિયું તા. ગોધરા, જિ.પંચમહાલ મુકામે આ કામના ઇજા પામનાર સાહેદ બીજલભાઇ મગનભાઇ બારીઆનાઓએ સામેવાળા ઘરે રહેતા બાબુભાઇ ભયલાભાઇ કોળીનાઓ તેમના ઘરે જોર જોર થી વધારે અવાજમાં ભુંગળા વગાડતો હતો અને ઇજા પામનાર કુંટુંબના શાન્તાબેન ખુમાભાઇ બારીઆનાઓ વધારે બિમાર હાલતમાં હોય જેથી ઇજા પામનાર સાહેદ તેમના ઘરેથી બુમો પાડીને કહેતા હતા કે શાન્તાબેન ખુમાભાઇ બારીઆનાઓ વધારે બિમાર છે જેથી ભુંગળા વગાડવાનું બંધ કરો તેમ કહી ઇજા પામનાર સાહેદ તેમના ઘરમાં જતા રહેલ હતા તે પછી સાહેદ બીજલભાઇ મગનભાઇ બારીઆ તથા તેઓની પત્ની એ રીતેના જમવાનુ બનાવવા બાબતે અંદરો અંદર ઝઘડતા હોય તે વખતે આ કામના આરોપી સાહેદ બીજલભાઇના ઘરે હાથમાં પાવડો લઇ આવી ઝઘડો કરવા લાગેલ તે વખતે સાહેદ બીજલભાઇનાઓએ આરોપીને કહેલ કે આ અમારા ઘરનો ઝઘડો છે તમારે વચ્ચે પડવાની જરૂર નથી તેમ કહેતા આરોપી એકદમ ઉશ્કેરાઇ જઇ કહેવા લાગેલ કે હું મારા ઘરે ટેપ વગાડું છું તમે મને કોન કહેવાવાળા તેમ કહી મા બેન સમાણી ગાળો બોલી તેના હાથમાંનો પાવડો સાહેદ બીજલભાઇનાઓને માથાના ભાગે મારી દેતા ચામડી ફાડી લોહી કાઢી ગંભીર ઇજા પહોંચાડી તેમજ ડાબા પગે નળાના ભાગે પાવડો મારી ફ્રેકચર કરી કહેવા લાગેલ કે, હવે પછી મારુ નામ લીધુ છે તો જાનથી મારી નાખીશ તેવી મારી નાખવાની ધમકીઓ આપી, મે. જિલ્લા મેજી. સાહેબના જાહેરનામાનો ભંગ કરી બી.એન.એસ.ની કલમ ૧૧૮(૨), ૧૧૭(૨), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨) તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબનો ગુનો કર્યા અંગેની ફરીયાદીની ફરીયાદનાં આધારે ગોધરા તાલુકા પોલીસ સ્ટેશન ધ્વારા તપાસ કરતાં આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતાં હાલનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) આ કામે આરોપીને સમન્સમની ધોરણસરની બજવણી થતાં તેઓ મુદતે કોર્ટમાં હાજર થયેલા છે, તેઓને પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે, તેઓની વિરૂધ્ધના ગુન્હા સબબ વિચારણા કરવા માટે પુરતો સમય આપવામાં આવેલ છે. ત્યારબાદ આંક-૪ થી તહોમતનામું ફરમાવતા આરોપીએ ગુનાનો ઇન્કાર કરતા તે મતલબનુ નિવેદન આંક-૫ થી લેતાં આરોપીએ તેની સામેના ગુન્હાનો ઇન્કાર કરેલ છે જેથી કેસ ફરીયાદ પક્ષના પુરાવા ઉપર રાખવામાં આવ્યો.

(૩) ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફ થી નીચે મુજબની વિગતે પુરાવો લેવામાં આવેલ છે.

<u>મૌખિક પુરાવાઓ :</u>

| આંક સંખ્યા | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ૯ | સરદારભાઇ મગનભાઇ બારીયા | ફરીયાદી |
| ૧૧ | બિજલભાઇ મગનભાઇ બારીયા | સાહેદ |

<u>દસ્તાવેજી પુરાવાઓ :</u>

| આંક સંખ્યા | વર્ણન |
|---|---|
| ૧૦ | ફરીયાદ |
| ૧૪ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું |
| ૧૫,૧૬ | મુદ્દામાલ રીકવરી પંચનામું |
| ૧૭ | મેડીકલ સર્ટીફીકેટ |

(૪) ફરીયાદ પક્ષે આંક-૧૨ થી કલોઝીંગ પુરસીસ રજુ કરતા ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થતા આરોપી વિરૂધ્ધ કોઇ ખુલાસા લાયક પુરાવો જણાય આવતો ન હોય આરોપીનુ બી.એન.એસ.એસ.ની કલમ ૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામા આવેલ નથી અને તે અંગે આંક-૧૩ થી આરોપી તરફે પુરસીસ રજુ કેરલ છે.

બી.એન.એસ.એસ.ની કલમ ૩૫૨ મુજબ પક્ષકારો તરફે દલીલો :

(૫) આ કામે ફરીયાદ પક્ષે વિધ્વાન એ.પી.પી. શ્રી એ દલીલ કરી જણાવેલ છે કે, ફરીયાદ પક્ષે રજુ દસ્તાવેજી પુરાવો ધ્યાને લઇ આરોપીને મહતમ સજા કરવા અરજ કરેલ છે.

જયારે આ કામે બચાવ પક્ષે તેમના વિ.વકીલ શ્રી જણાવે છે કે, ફરીયાદ પક્ષે તપાસેલ ફરીયાદી તથા સાહેદોની જુબાની થકી આરોપી સામેનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઇ, આરોપીને નિર્દોષ જાહેર કરવા મૌખિક દલીલ કરેલ છે.

બી.એન.એસ.એસ.ની કલમ ૩૯૩(૧)(બી) પોઇન્ટ ફોર ડિટેરમીનેશન :

(૬) આ કામે પક્ષકારો તરફે ઉપરોકત રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તથા સરકાર પક્ષે વિ.એ.પી.પી. શ્રી ની રજુઆત તથા આરોપીના વિ.વકીલ શ્રી ની દલીલો લક્ષમાં લેતા, આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપિસ્થત થાય છે.

-:: મુદ્દા ::-

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા. ૨૯/૫/૨૫ કલાક ૧૮-૦૦ વાગે મોજે ગોલ્લાવ શોટ મહુડા ફળિયું તા. ગોધરા, જિ.પંચમહાલ મુકામે આ કામના ઇજા પામનાર સાહેદ બીજલભાઇ મગનભાઇ બારીઆનાઓએ સામેવાળા ઘરે રહેતા બાબુભાઇ ભયલાભાઇ કોળીનાઓ તેમના ઘરે જોર જોર થી વધારે અવાજમાં ભુંગળા વગાડતો હતો અને ઇજા પામનાર કુંટુંબના શાન્તાબેન ખુમાભાઇ બારીઆનાઓ વધારે બિમાર હાલતમાં હોય જેથી ઇજા પામનાર સાહેદ તેમના ઘરેથી બુમો પાડીને કહેતા હતા કે શાન્તાબેન ખુમાભાઇ બારીઆનાઓ વધારે બિમાર છે જેથી ભુંગળા વગાડવાનું બંધ કરો તેમ કહી ઇજા પામનાર સાહેદ તેમના ઘરમાં જતા રહેલ હતા તે પછી સાહેદ બીજલભાઇ મગનભાઇ બારીઆ તથા

તેઓની પત્ની એ રીતેના જમવાનુ બનાવવા બાબતે અંદરો અંદર ઝઘડતા હોય તે વખતે આ કામના આરોપી સાહેદ બીજલભાઇના ઘરે હાથમાં પાવડો લઇ આવી ઝઘડો કરવા લાગેલ તે વખતે સાહેદ બીજલભાઇનાઓએ આરોપીને કહેલ કે આ અમારા ઘરનો ઝઘડો છે તમારે વચ્ચે પડવાની જરૂર નથી તેમ કહેતા આરોપી એકદમ ઉશ્કેરાઇ જઇ કહેવા લાગેલ કે હું મારા ઘરે ટેપ વગાડું છું તમે મને કોન કહેવાવાળા તેમ કહી મા બેન સમાણી ગાળો બોલી તેના હાથમાંનો પાવડો સાહેદ બીજલભાઇનાઓને માથાના ભાગે મારી દેતા ચામડી ફાડી લોહી કાઢી ગંભીર ઇજા પહોંચાડી તેમજ ડાબા પગે નળાના ભાગે પાવડો મારી ફ્રેકચર કરી કહેવા લાગેલ કે, હવે પછી મારુ નામ લીધુ છે તો જાનથી મારી નાખીશ તેવી મારી નાખવાની ધમકીઓ આપી, મે. જિલ્લા મેજી. સાહેબના જાહેરનામાનો ભંગ કરી બી.એન.એસ.ની કલમ ૧૧૮(૨), ૧૧૭(૨), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨) તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વે આ અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧ : નકારમાં

મુદ્દા નં. ૨ : આખરી હુકમ મુજબ.

-// કારણો //-

મુદ્દા નં.૧ ની ચર્ચા :-

ફરીયાદી તથા સાહેદોનો પુરાવો :-

(૮) આ કામે ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે ફરીયાદી સરદારભાઇ મગનભાઇ બારીઆના આંક-૯ ના સોગંદ ઉપરના પુરાવા મુજબ સદર બનાવ આશરે એક વર્ષ અગાઉ બનેલો.બનાવ સમયે તેઓ ઉમરી ખેડા ફળીયા મા

આવેલ ડેરી ઉપર દુધ ભરવા માટે ગયેલા અને દુધ ભરીને ઘરે આવેલા તે વખતે તેમની પત્નિ સુરેખાએ જણાવેલ કે બાબુભાઇ ભાઇલાલભાઇ કોળી નાઓ આપણા ઘરે આવેલા અને જણાવેલ કે તેઓએ બીજલભાઇ સાથે ઝગડો કરેલો છે તેવી વાત કરતા તેઓ તેમના ભાઇ બિજલના ઘરે ગયેલા અને જોયુ તો તેને ખાટલામા સુવડાવેલો હતો અને તેને શરીરે સામન્ય ઇજા થયેલ હતી અને તેમાથી લોહી નિકળતુ હોય તેમના ભાભી મણીબેન ને પુછતા તેમણે જણાવેલ કે આપણા ઘર નજીક બાબુભાઇ ભયલાલભાઇ કોળી આપણા ઘરે આવેલા અને જમવાનુ બનાવવા બાબતે ઝગડો ચાલતો હોય અને તે બન્ને વચ્ચે જપાજપી થતા તમારા ભાઇ નીચે પડી જતા તેઓને ઇજા થયેલ છે તે સિવાય બીજુ કાઇ બનેલ નથી અને તેમના ભાઇને ઇજા થયલે હોય  આવેશમા આવી જઇ આ બાબુભાઇ ભયલાલભાઇ વિરૂધ્ધ પોલીસ સ્ટે મા આંક-૧૦ વાળી ફરીયાદ આપેલી.  આ કામના આરોપી બાબુભાઇ ભાઇલાલભાઇને કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે.  સાહેદ નામદાર કોર્ટ મા સ્વેછાએ જણાવે છે કે બાબુભાઇ સાથે હાલમા તેમને કોઇ તકરાર કે ઝગડો નથી જેથી તેમને આ કામે કોઇ પુરાવો રજુ કરવો નથી.જે સોગંદ ઉપર જાહેર કરેલ છે. સદર સાહેદ તેમની ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો ન આપતા ફરીયાદ પક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવો કોઇ પુરાવો આપેલ નથી.

આરોપી પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સામાન્ય બોલાચલી થયેલી, સામાન્ય બોલાચાલીમા ઘણા બધા માણસો ભેગા થઇ ગયેલ અને બિજલભાઇ ને નીચે પડિ જવાથી ઇજાઓ થયેલ.એ સિવાય બીજી કાઇ બનેલ નહી.એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી એ કોઇ ગાળાગાળી કરી હોય કે ધમકી આપેલ હોય તેવુ પણ બનેલ નથી અને આરોપીઓએ કોઇ હથીયાર વડે માર મારેલ હોય તેવુ પણ બનેલ

નથી, આરોપી તેમના કૌટુબીક ભાઇ થાય એટલે તેઓને સારીરીતે ઓળખે છે.

(૯) ફરીયાદ પક્ષે આંક-૧૧ થી સાહેદ બીજલભાઇ મગનભાઇ બારીઆના પુરાવા મુજબ સદર બનાવ આશરે એક વર્ષ અગાઉ બનેલો. બનાવ સમયે તેઓ તથા તેમની પત્ની ઘરે હતા અને તેમની વચ્ચે જમવા બાબતે ઝગડો ચાલતો હતો તે વખતે તેમના ઘર નજીક રહેતા બાબુભાઇ ભયલાલભાઇ કોળી તેમના ઘરે આવેલા અને જમવાનુ બનાવવા બાબતે ઝગડો ચાલતો હોય તેઓએ તેમની સાથે આવી સીધીજ બોલાચાલી કરતા તેમની બન્ને વચ્ચે જપાજપી થતા તેઓ નીચે પડી જતા તેમને પગમા સામાન્ય ઇજા થયેલ તેમજ કપાળના ભાગે સામાન્ય ઇજા થયેલ તે સિવાય બીજુ કાઇ બનેલ નથી તેમજ તે સમયે તેમના ભાઇ સરદારભાઇ તેમના ઘરે આવેલા અને સાહેદે તેમને ઉપરોકત હકીકત જણાવતા અને સાહેદને ઇજાએ થયલી જોઇ તેણે આવેશમા આવી જઇ આ બાબુભાઇ ભયલાલભાઇ વિરૂધ્ધ પોલીસ સ્ટેશનમા ફરીયાદ આપેલી. આ કામના આરોપી બાબુભાઇ ભાઇલાલભાઇને કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે. સાહેદ નામદાર કોર્ટ મા સ્વેછાએ જણાવે છે કે બાબુભાઇ સાથે હાલમા તેમને કોઇ તકરાર કે ઝગડો નથી જેથી તેમને આ કામે કોઇ પુરાવો રજુ કરવો નથી.જે સોગંદ ઉપર જાહેર કરેલ છે. સદર સાહેદ તેમના પોલીસ રુબરુના નિવેદનની હકીકતને સમર્થનકારી પુરાવો ન આપતા ફરીયાદ પક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવો કોઇ પુરાવો આપેલ નથી.

આરોપી પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સામાન્ય બોલાચલી થયેલી, સામાન્ય બોલાચાલીમા ઘણા બધા માણસો ભેગા થઇ ગયેલ અને મને નીચે પડી જવાથી ઇજાઓ થયેલ.એ સિવાય બીજી કાઇ બનેલ નહી.એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી

એ કોઇ ગાળાગાળી કરી હોય કે ધમકી આપેલ હોય તેવુ પણ બનેલ નથી અને આરોપીઓએ કોઇ હથીયાર વડે માર મારેલ હોય તેવુ પણ બનેલ નથી અને આરોપી તેમના કૌટુબીક ભાઇ થાય એટલે તેઓને તેઓ સારી રીતે ઓળખે છે.

આમ, ફરીયાદી તથા સાહેદનો ઉપરોકત મૌખિક પુરાવો ધ્યાને લેતાં તેઓ ફરીયાદ પક્ષની હકીકતને લેશમાત્ર સમર્થન આપતા નથી જેથી ફરીયાદી તથા સાહેદની  જુબાની વડે આંક-૧૦ ની ફરીયાદના તથ્યો પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોવાનુ પુરવાર થાય છે.

(૧૦) ફરીયાદ પક્ષે આંક-૧૪ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું તથા આંક-૧૫ અને ૧૬ થી મુદ્દામાલ રીકવરી પંચનામું રજુ રાખેલ છે. જે બચાવપક્ષે પણ આંકે પાડી વંચાણે લેવા વાંધો નથી તેવો શેરો કરેલ છે. પરંતુ ફરીયાદ પક્ષે પંચનામું પુરવાર કરવા સારુ કોઇ પંચસાહેદોને તપાસેલ ન હોય પંચનામાઓ આંકે પડી જવાથી તે પુરવાર થયેલ માની શકાય નહી.

ફરીયાદ પક્ષે આંક-૧૭ થી એમ.એલ.સી. રજુ રાખેલ છે. જે બચાવપક્ષે પણ આંકે પાડી વંચાણે લેવા વાંધો નથી તેવો શેરો કરેલ છે. પરંતુ ફરીયાદ પક્ષે મેડીકલ સર્ટીફીકેટ પુરવાર કરવા સારુ કોઇ મેડીકલ ઓફીસરને તપાસેલ ન હોય મેડીકલ સર્ટીફીકેટ  આંકે પડી જવાથી તે પુરવાર થયેલ માની શકાય નહી.

(૧૧) સદર કામે રેકર્ડ ઉપરનો સમગ્ર પુરાવો ધ્યાને લીધો. ઉભયપક્ષની દલીલો સાંભળી ધ્યાને લીધી. આ કામે ફરીયાદ પક્ષે આંક-૧૨ થી વિશેષ કોઇ પુરાવો આપવા માંગતા નથી તે મુજબની કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે ત્યારે આ કામે રજુ થયેલ રેકર્ડ પરના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા પર થી બનાવ તારીખ, સમય અને સ્થળે આ કામના આરોપીએ તા. ૨૯/૫/૨૫ કલાક ૧૮-૦૦ વાગે મોજે ગોલ્લાવ શોટ મહુડા ફળિયું તા. ગોધરા, જિ.પંચમહાલ મુકામે આ કામના ઇજા પામનાર સાહેદ બીજલભાઇ

મગનભાઇ બારીઆનાઓએ સામેવાળા ઘરે રહેતા બાબુભાઇ ભયલાભાઇ કોળીનાઓ તેમના ઘરે જોર જોર થી વધારે અવાજમાં ભુંગળા વગાડતો હતો અને ઇજા પામનાર કુંટુંબના શાન્તાબેન ખુમાભાઇ બારીઆનાઓ વધારે બિમાર હાલતમાં હોય જેથી ઇજા પામનાર સાહેદ તેમના ઘરેથી બુમો પાડીને કહેતા હતા કે શાન્તાબેન ખુમાભાઇ બારીઆનાઓ વધારે બિમાર છે જેથી ભુંગળા વગાડવાનું બંધ કરો તેમ કહી ઇજા પામનાર સાહેદ તેમના ઘરમાં જતા રહેલ હતા તે પછી સાહેદ બીજલભાઇ મગનભાઇ બારીઆ તથા તેઓની પત્ની એ રીતેના જમવાનુ બનાવવા બાબતે અંદરો અંદર ઝઘડતા હોય તે વખતે આ કામના આરોપી સાહેદ બીજલભાઇના ઘરે હાથમાં પાવડો લઇ આવી ઝઘડો કરવા લાગેલ તે વખતે સાહેદ બીજલભાઇનાઓએ આરોપીને કહેલ કે આ અમારા ઘરનો ઝઘડો છે તમારે વચ્ચે પડવાની જરૂર નથી તેમ કહેતા આરોપી એકદમ ઉશ્કેરાઇ જઇ કહેવા લાગેલ કે હું મારા ઘરે ટેપ વગાડું છું તમે મને કોન કહેવાવાળા તેમ કહી મા બેન સમાણી ગાળો બોલી તેના હાથમાંનો પાવડો સાહેદ બીજલભાઇનાઓને માથાના ભાગે મારી દેતા ચામડી ફાડી લોહી કાઢી ગંભીર ઇજા પહોંચાડી તેમજ ડાબા પગે નળાના ભાગે પાવડો મારી ફ્રેકચર કરી કહેવા લાગેલ કે, હવે પછી મારુ નામ લીધુ છે તો જાનથી મારી નાખીશ તેવી મારી નાખવાની ધમકીઓ આપી, મે. જિલ્લા મેજી. સાહેબના જાહેરનામાનો ભંગ કરેલ હોય તેવી હકીકત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે તેવુ અત્રેની કોર્ટનુ માનવુ છે.

(૧૨) આ કામમાં સાહેદોએ ફરીયાદ પક્ષને સમર્થન આપેલ ન હોય, આરોપીની સામે ફરીયાદ પક્ષ આરોપ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલા છે ત્યારે નામદાર સુપ્રિમ કોર્ટ, ૧૯૯૬(૩) ક્રાઇમ્સ પાના નં. ૮૫ સતિષ મેહરા વિરૂધ્ધ દીલ્હી એડમીનીસ્ટ્રેશનનો ચુકાદો ધ્યાને લેતા, મહત્વના સાહેદોએ ફરીયાદ પક્ષને સમર્થન આપેલ ના હોય ત્યારે બાકીના સાહેદોને તપાસવાની

ફોર્માલીટી પુરી કરવી જરૂરી નથી. નામદાર સર્વોચ્ચ અદાલતે એવું નિરીક્ષણ કરેલ છે કે, :-

> **When judge is certain that there is no prospect of case ending in conviction valuable time of court should not be wasted for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date.**

આમ, જયારે મહત્વના સાહેદો અને ખુદ ફરીયાદી તથા ઇજા પામનાર સાહેદે જયારે ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ ના હોય, જેથી આરોપીને આરોપી સાથે સાંકળતો લેશમાત્ર પુરાવો ના હોય, આરોપીને નિર્દોષ ઠરાવીને છોડી મુકવા રહયા.

(૧૩) ઉપરોકત તમામ હકીકતોને લક્ષમા લેતા ફરીયાદ પક્ષ આરોપી સામેનુ તહોમત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલા હોય, આરોપીને આરોપ સાથે સાંકળતી એકમેક કડી પુરવાર કરવામાં આવેલ ના હોય, ફરીયાદ પક્ષનો પુરાવો વિશ્વસનીય, માનવાલાયક અને એકબીજાને પુરક ના હોય, આરોપીની સામેનું તહોમત નિ:શંકપણે પુરવાર થતુ ના હોય, આરોપી સામે આક્ષેપાયેલ ગુના મુજબની હકીકતો પુરવાર થતી ના હોય, મુદ્દા નં.(૧) નો નિર્ણય તે રીતે નકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં. (૨) અંગે ન્યાયના વિશાળ હીતમા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

-:: આખરી હુકમ ::-

(૧) આ કામના આરોપી બાબુભાઇ ભયલાભાઇ જાતે કોળી,રહે. ગોલ્લાવ શોટ મહુડા ફળિયું,તા. ગોધરા, જિ.પંચમહાલનાઓને બી.એન.એસ.એસ.ની કલમ-૨૭૧(૧)અન્વયે બી.એન.એસ.ની કલમ ૧૧૮(૨), ૧૧૭(૨), ૧૧૫(૨), ૩૫૧(૨), ૩૫૨ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના ગુનામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૧ અન્વયે રૂા. ૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન રજુ કરવા અને સદરહું જામીન આ હુકમ થયેથી અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે કબજે લેવામા આવેલ મુદ્દામાલનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવો.

હુકમ આજ તા.૩૦, માહે- એપ્રિલ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૩૦/૪/૨૦૨૬
ગોધરા.

(આરાધના આર.યાદવ)
બીજા એડી. જયુડી.મેજી.ફ.ક.
ગોધરા, જિ.પંચમહાલ.
કોડ નં. જીજે.૦૧૬૭૨

(આર.એ.શર્મા)